**વાદીની સી.પી.સી.ઓર્ડર–૬ રૂલ–૧૭ મુજબની આંક–૨૪ લગત હુકમઃ–**

(૧) વાદીની અરજી, પ્રતીવાદી પક્ષે આંક–૩૮ થી રજુ કરેલ વાંધા જવાબ તથા આંક–૪૧ થી રજુ કરેલ લેખીત દલીલ વંચાણે લીધી. પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૨) વાદી વ.શ્રીએ પોતાની અરજી મુજબ રજુઆત કરી જણાવેલ છે કે દાવાવાળી મીલકતના કબજેદાર અને માલીક વાદીઓના પિતા હતાં. તેઓના પિતાનું અવસાન તા.૨૪/૦૫/૨૦૦૭ ના રોજ થયેલ છે અને ત્યારબાદ દાવાવાળી મીલકતના રેવન્યુ રેકર્ડ સીધી લીટીના વારસદાર તરીકે નોંધ નં.૧૦૯૫ થી હાલના વાદીઓના નામ દાખલ થયેલ છે જે નોંધ તા.૦૩/૦૩/૨૦૨૧ ના રોજ પ્રમાણિત થયેલ છે. આ કામના પ્રતિવાદીએ વાદીઓના પિતાની ભળતી સહી કરી ખોટું જનરલ પાવર ઓફ એર્ટની બનાવી લીધેલ છે અને તે આધારે વાદીઓના પિતાની અવસાન તા.૨૪/૦૫/૨૦૦૭ બાદ તા.૨૭/૦૬/૨૦૦૮ ના રોજ દાવાવાળી મીલકતનો રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૯૦૬ થી નોંધાવી લીધેલ છે જે રદ બાતલ ઠેરવવા હાલનો દાવો દાખલ કરેલ છે. દાવાના કામે પેરા નં.૧૫(અ) માં માત્ર સદર વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠેરવવા દાદ માંગેલ છે. સદર પાવર ઓફ એર્ટની પણ રદ બાતલ યાને ફોક હોવાની દાદ માંગવાનું શરતચુકથી રહી ગયેલ છે. માટે તેટલા પુરતો સુધારો મંજુર કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, મુળ વેચાણ દસ્તાવેજ રદ કરવાની દાદ માંગેલ છે જેથી જે ખોટી પાવર ઓફ એર્ટની આધારે વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે તે ખોટુ પાવર ઓફ એર્ટની રદ કરવાની દાદ ઉમેરવાથી પ્રતિવાદીને કોઈ નુકશાન જવાનું નથી કે દાવાના સ્વરૂપ કે પ્રકારમાં કોઈ ફેરફાર થવાનો નથી. માટે સુપ્રિમ કોર્ટ તથા વડી અદાલતોના વખતો વખતના ચુકાદાઓ ધ્યાને લઈ અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩). પ્રતિવાદી તર્ફે સદર અરજી સામે આંક–૩૮ થી લેખીત જવાબ તથા આંક–૪૧ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને તે મુજબ જ વિધ્વાન વકીલશ્રીએ કોર્ટ સમક્ષ મૌખિક રજુઆત કરેલ છે. સૌપ્રથમ પ્રતિવાદી પક્ષે સી.પી.સી. ઓર્ડર–૨, રૂલ–૨ ની જોગવાઈનો ઉલ્લેખ કરી રજુઆત કરેલ છે કે, પ્રત્યેક દાવામાં દાવાના કારણ સબંધી જે હકક દાવો કરવાનો વાદીને હકક હોય તે આવી જવો જોઈએ. જો વાદી આવો કોઈ હકક દાવો છોડી દે તો પાછળથી તે વિશેનો દાવો લાવી શકશે નહી તેવી રજુઆત કરેલ છે. પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, વાદી પાવર ઓફ એર્ટની રદ કરવાની દાદ દાવો દાખલ કરતાં સમયે માંગી શકયા હોત જે માંગેલ ન હોય હવે ઓર્ડર–૬, રૂલ–૧૭ મુજબ સુધારો મંજુર ન થઈ શકે કારણ કે તેનાથી દાવાના મુળ સ્વરૂપમાં ફેરફાર થાય તેમ છે. પ્રતિવાદી તર્ફે ના.સુપ્રિમ કોર્ટના ૨૦૨૫ એ.આઈ.આર.સુપ્રિમ કોર્ટ–૮૪૯ તથા ૨૦૨૧(૧૬) એસ.સી.સી.૫૪૩ ના ચુકાદાઓ રજુ કરી ઓ–૨, રૂ–૨ સબંધેના ના.સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલા સામાન્ય સિધ્ધાંતો ધ્યાને લઈ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) બન્ને પક્ષની રજુઆત તથા પ્રતીવાદી પક્ષે રજુ થયેલ વાંધા ધ્યાને લીધા. સૌપ્રથમ સીવીલ પ્રોસીઝર કોડના ઓ–૬, રૂ–૧૭ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

Rule : **17.** Amendment of pleadings.**—**The Court may at any stage of the proceedings allow either party to alter or amend his pleadings in such manner and on such terms as may be just, and all such amendments shall be made as may be necessary for the purpose of determining the real questions in controversy between the parties:

Provided that no application for amendment shall be allowed after the trial has commenced, unless the Court comes to the conclusion that in spite of due diligence, the party could not have raised the matter before the commencement of trial.

ઉપરોકત રૂ–૧૭ ની જોગવાઈ ધ્યાને લેતાં તકરારમાની કોઈપણ વાસ્તવિક હકીકતનો નિર્ણય કરવા માટે જરૂરી જણાય તેવા સુધારા તે તબદીલી પક્ષ નિવેદનમાં કરવા સારૂ કોઈપણ પક્ષકારને કાર્યવાહીના કોઈપણ તબકકે યોગ્ય શરતે મંજુરી આપી શકશે તેવું ઠરાવેલ છે. સદર રૂલ–૧૭ ના પરંતુકમાં એવી પણ જોગવાઈ કરવામાં આવેલ છે કે, ટ્રાયલ શરૂ થઈ ગયા બાદ પ્લીડીંગ સુધારા માટેની અરજી કોર્ટ મંજુર કરશે નહી સિવાય કે અદાલત એવા નિર્ણય ઉપર આવે કે, યોગ્ય કાળજી રાખવા છતાં જે તે પક્ષકાર ટ્રાયલ શરૂ થતાં પહેલાં અદાલત સમક્ષ આવી બાબત લાવી શકી ન હોય.

આમ, ઉપરોકત જોગવાઈ નજર સમક્ષ રાખી હાલની અરજી સબંધે ચર્ચા કરીએ તો હાલના કેસમાં અરજી, મુદ્દા ઘડેલ નથી માટે ટ્રાયલ શરૂ થયેલ નથી. જેથી ઉપરોકત રૂલ–૧૭ ની જોગવાઈ ધ્યાને લઈએ તો વાદીએ હાલની અરજી આધારે પક્ષ નિવેદનમાં જે સુધારા માંગેલ છે તે મુખ્ય તકરારી હકીકતના નિર્ણય માટે જરૂરી છે કે કેમ તેટલુ જ જોવાનું રહે છે. આ કામે વાદીની દાવા અરજીની હકીકત મુજબ તેઓના પિતાના અવસાન થયા બાદ પાવર ઓફ એર્ટની આધારે દાવાવાળી મીલકતનો રજી.વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીએ નોંધાવી લીધેલ છે તેવી વાદીની તકરાર છે. આં ક–૧ ની દાવા અરજીના પેરા–૧૦ માં પ્રતિવાદીએ વાદીઓના પિતાની બોગસ અને ખોટી સહીઓ કરી ખોટું જનરલ પાવર ઓફ એર્ટની તા.૦૯/૦૨/૨૦૦૫ નું બનાવેલ હોવાના અને તે આધારે તા.૨૭/૦૬/૨૦૦૮ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નોંધણી પ્રતિવાદીએ કરાવેલ હોવાના કથન કરેલ છે. વધુમાં દાવા અરજીના પેરા–૧૧ માં ખોટા પાવર ઓફ એર્ટની આધારે ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી દીધેલ હોય તે નલ એન્ડ વોઈડ છે તેવું કથન કરેલ છે તથા દાવા અરજીના દાદના પેરા–૧૫(અ)માં વેચાણ દસ્તાવેજ રદ બાતલ જાહેર કરવાની દાદ માંગેલ છે.

આમ, વાદીનું પક્ષ નિવેદન ધ્યાને લેતાં જે પાવર ઓફ એર્ટની સબંધે દાદ માંગવા દાવા અરજીમાં સુધારો માં ગેલ છે તે પાવર ઓફ એર્ટની પ્રતિવાદીએ ખોટી રીતે ઉભો કરેલ હોવાના આક્ષેપો/કથનો આંક–૧ વાળી દાવા અરજીમાં પ્રથમથી જ કરવામાં આવેલ છે. વાદગ્રસ્ત મીલકતના પ્રતિવાદીની તરફેણમાં નોંધાયેલ વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજને રદ બાતલ ઠરાવવાની દાદ વાદી ધ્વારા પ્રથમથી જ માંગવામાં આવેલ છે માટે તકરારી પાવર ઓફ એર્ટની સબંધે દાદ માંગતો સુધારો મંજુર કરવાથી હાલના દાવાના સ્વરૂપમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થવાનો નથી તેવું મારૂ નમ્ર પણે માનવું છે. વાદીએ પોતાની દાવા અરજીમાં જે સુધારો માંગેલ છે તે મંજુર થવાથી પ્રતિવાદી પક્ષને કોઈ નુકશાન કે પુર્વગ્રહ થાય તેવું લેશ માત્ર જણાતું નથી.

વધુમાં, પ્રતિવાદી તર્ફે **ના.સુપ્રિમ કોર્ટના ૨૦૨૫ એ.આઈ.આર.સુપ્રિમ કોર્ટ–૮૪૯ તથા ૨૦૨૧(૧૬) એસ.સી.સી.૫૪૩** ના ચુકાદાઓ આધારે જે રજુઆતો કરેલ છે સૌપ્રથમ તો ના.સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જે અવલોકનો કરવામાં આવેલ છે તે શીરો માન્ય છે. પરંતુ ઉપરોકત બંને ચુકાદા વંચાણે લેતાં તે સીવીલ પ્રોસીઝર કોડના ઓ–૨, રૂ–૨ **"બીજા દાવા પર પ્રતિબંધ"** સબંધે છે. ઓ–૨, રૂલ–૨ ની જોગવાઈ મુજબ જે દાદ પ્રથમ દાવામાં માંગી શકાતી હોત અને માંગવામાં આવેલ ન હોય તો તેવી દાદ મેળવવા માટે બીજો દાવો પ્રતિબંધીત છે. વાદીની હાલની અરજી સીવીલ પ્રોસીઝર કોડના ઓ–૬, રૂલ–૧૭ મુજબની હાલની દાવા અરજીના કામે સુધારા માટે કરવામાં આવેલ

છે જેથી પ્રતિવાદી પક્ષે રજુ કરેલ ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટના બંને ચુકાદા હાલના કેસમાં લાગુ પાડી શકાય નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા કારણોસર વાદીપક્ષની રજુઆત ન્યાયોચિત જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: : હુ ક મ : :–**

– વાદીની હાલની આંક–૩૬ ની અરજી મંજુર કરવામાં આવે છે.

– વાદીએ માંગ્યા મુજબનો સુધારો દાવા અરજીમા કરવા પરવાનગી આપવામા આવે છે.

– વાદીએ ઓર્ડર–૬, રૂલ–૧૮ ની જોગવાઈ મુજબ દિન–૧૪ માં જરૂરી સુધારો કરી સુધારેલી દાવા અરજી પક્ષકારોની જરુરી નકલો સહીત રજુ કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૬મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: હિંમતનગર.
તા.૧૬/૧૦/૨૦૨૫.

**(ચંગીઝ મસવર રાઠોડ)**
ચોથા એડી. સીનીયર સીવીલ જજ,
હિંમતનગર.જી.જે.૦૧૨૩૮.